| GJKH040018922016 | | કેસ રજુ તા.૦૩/૧૦/૨૦૧૬<br>કેસ રજી. તા.૦૩/૧૦/૨૦૧૬<br>કેસ ફેંસલ તા.૨૪/૦૩/૨૦૨૬<br>સમય ગાળો: વર્ષ માસ દિવસ<br>૦૯-૦૬-૨૧ |
|---|---|---|

**માતરના મહે.મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.માતર, તા.માતર, જી. ખેડા.**

**રે.દિ.મુ. નં.૫૧/૨૦૧૬**
**આંક-**

**વાદી:-** ભીખાભાઈ મંગળભાઈ ઝાલા મકવાણા,
ઉ.વ.૫૮, ધંધો : ખેતી,
રહે.વણસર, તા.માતર, જી.ખેડા.

વિરૂધ્ધ

**પ્રા.વાદી :** ગુજરનાર રાવજીભાઈ શનાભાઈ ચૌહાણના વારસો.....
(૧) મંજીબેન રાવજીભાઈ શનભાઈ ચૌહાણની વિધવા
(૨) અલ્પેશભાઈ રાવજીભાઈ ચૌહાણ
(૩) બંસીબેન રાવજીભાઈ ચૌહાણ
તમામ ઉ.વ.પુખ્ત, ધંધો : ખેતી/ઘરકામ,
તમામ રહે.વણસર, તા.માતર, જી.ખેડા.

---

વાદી તરફે વિ.વ.શ્રી ઉમેશ આર પ્રજાપતિ

પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી કે.આઈ.બ્રહમભટૃ

---

**દાવો: રૂા.૧૦૦૦/- ના આંકથી સ્પેસીફીક રીલીફ એકટની કલમ-૩૮ મુજબ જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે.........**

**(NARENDRAKUMAR)**
**PRINCIPAL CIVIL JUDGE**
**UID:-GJ01440**

**–:: જજમેન્ટ ::–**

વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧). ડીસ્ટ્રીકટ જી.ખેડા, તા.માતરના મોને વણસર ગામનાં ચોળાવાળા ફળીયામાં વાદીની વડીલોની વારસાઈ હકકથી પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાવાળી ગ્રામ પંચાયતની મીલકત નં.ર વાળી મકાન મીલકત ચોક ચાલ નીકાલ સમેતની હાલમાં મકાન મીલકત પડી ગયેલ હાલતની ચાલુ વાપર ઉપભોગ કરતી આવેલી છે જેના ખુંટ નીચે મુજબ છે.

પુર્વ : ખુલ્લી જમીન તથા મોહનભાઈ મોતીભાઈ રામસંગભાઈ વગેરેની મીલકત આવેલી છે.

પશ્ચિમ: ખુલ્લી જમીન તથા રાકેશભાઈ ભીખાભાઈની મીલકત આવેલી છે.

ઉતર : રસ્તો આવેલ છે.

દક્ષિણ : ગોરધનભાઈ શંકરભાઈની મીલકત આવેલી છે.

ઉપર ચાર ખુંટ વચલી મીલકત ઉતરાતા ધ્વારવાળી રવેશ ચોક ચાલ નિકાલ સહીતની આવેલી છે. સદરહુ મીલકત પુર્વ–પશ્ચિમ પહોળી ૯ ફુટ પહોળાળની અને ઉતર દક્ષિણ પ૬ ફુટ લંબાઈ ની ૯'×પ૬ ની આવેલી છે. સદર મીલકત ઉપર પ્રતિવાદી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક હીત હીસ્સો અધિકાર આવેલો નથી જેને દાવાવાળી મીલકત ગણવાની છે. ઉપરોકત જણાવેલ મકાન મીલકત ઉતરાતા ધ્વારની તેનુ બારણુ તાબાના રવેશમા પડતુ અને રવેશ લગતો તાબાનો ઢોર બાંધી વાપરવાનો ચોક સહીતની આવેલી છે અને તે મુકી ઉતરે રાજમાર્ગ આવેલ છે. વાદીની મીલકત ઉતર દક્ષિણ પ૬ ફુટ લંબાઈની તેમજ પુર્વ પશ્ચિમમાં ૯ ફુટ

પહોળાઈની આવેલી છે અને વાદીની મીલકત ઉતરે રાજમાર્ગ આવેલ છે. તેમજ તેમની મીલકતની ચોકની જમીનની પુર્વે ખુલ્લી જમીન આવેલી છે અને તે મુકી પુર્વે પ્રતિવાદીનુ પશ્ચિમતા ધ્વારની મકાન મીલકત આવેલી છે અને આમ, પ્રતિવાદીને વાદીની મીલકત અંગે કઈ લાગે વળગતુ નથી તેમ છતાં તેમની મીલકતની ચોકની મીલકત ગેરકાયદેસર રીતે પડાવી લેવાના પેતરાઓ રચી ગઈ કાલ તારીખ–૨/૧૦/૧૬ રવિવારના રોજ જાહેર રજાના દિવસે તેમની ચોકની મીલકતમાં આશરે ઉતરથી દક્ષિણ ૧૦ ફુટ તેમજ પુર્વથી પશ્ચિમ ૫ ફુટનુ દબાણ કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી પડાવી લેવા પાયાઓ ખોદાવી ચણતર કામ કરી લેવાની તજવીજો ચાલુ કરતા વાદી પ્રતિવાદીઓને કહેવા જતા જેઓ અમારુ કઈ જ સાંભળવા માંગતા ન હતા અને વાદીને જાવ તમારે જયાં જવુ હોય ત્યાં તેવા જાસા ઉચ્ચારવા લાગેલા અને વાદી તેમની જાન બચાવવા ત્યાથી તેમના ઘરે નાસી ગયેલા. આમ, પાયાઓ ખોદી દીવાલો ચણવાનું ચાલુ કરી દીધેલુ અને આમ, અમોને વધુમાં બોલાવશો તો તેનુ પરીણામ સારુ નહી આવે તેવી ધમકીઓ ઉચ્ચારી જાનથી મારી નાંખવાના જાસાઓ ઉચારવા લાગેલા અને આમ, પ્રતિવાદી પૈસા પાત્ર બહુ લાગવગવાળા માથાભારે ઝનુની સ્વભાવવાળા તેમજ બોલ્યુ પાળે તેવા ઈસમો હોઈ અને આમ આ કામના પ્રતિવાદી ઓએ વાદીની દાવાવાળી મીલકતમાં પાયાઓ ખોદાવી ચણતર કામ કરી તેમની કાયદેસરની મીલકતમાં ગેરહકકે દબાણ કરી મીલકત પડાવી ન લે તે માટે દાવા અરજી પેરા નં.૧ માં જણાવેલ અમારી મીલકતમા ખોટી રીતે દાખલ થવાની તજવીજો આદરી ખોટો હેલો

હરકત કરે છે જાસાઓ ઉચ્ચારેલ છે અને કાયદો હાથમા લઈ કામ ચાલુ કરી દીધેલ છે અને આમ અમારા વાપર ઉપભોગ કબજામાં ખોટી રીતે દખલગીરી કરે છે તે કૃત્ય પણ પ્રતિવાદીનું ગેરકાયદેસરનુ હોઈ તાકીદે અટકાવવાની જરુર પડી છે અને પ્રતિવાદી કે તેઓના વારસદારો, નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઓ વાદીનાં ચાલુ વાપરનાં માલીકી કબજા ભોગવટાવાળી મીલકતમાં પ્રવેશ કરે કરાવે નહી કે અમારી મીલકતમાં પાયાઓ ખોદી બાંધકામ કરાવે નહી તેમજ નવીન હકક ઉભા કરે કરાવે નહી અને કબજો લઈ ન લે તેમજ સરકારી રેકર્ડે કોઈ ફેરફાર કરે કરાવે નહી તેમજ આ દાવો લાવતા સુધીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી કરાવી પાયાઓ ખોદી ખોદાવી કોઈપણ જાતની દીવાલનું ચણતર કામ કરેલ હોય તો તે તમામ કૃત્યુ પ્રતિવાદીનુ પ્રથમથી બથામણીયા પ્રયાસનુ હોઈ તે તાકીદે અટકાવી આદેશાત્મક દાદ મંજુર કરી દુર કરાવવા તેમજ વાદીની અમારી દાવાવાળી મીલકતની પુર્વવત સ્થિતિ કરી દેવા અને વાદીને વાપર ઉપભોગ કરવામાં પ્રતિવાદી કે તેમના માણસો વારસો કે એજન્ટો એસાઈનીઓ ખોટો હેલો હરકત અંતરાય અવરોધ કરે કરાવી નહી તે માટે જાથુો મનાઈ હુકમ ફરમાવવા માટે નામદાર કોર્ટમાં દાવો કરવાની જરુર પડેલ છે. વાદીનો પ્રાયમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે તથા ઈકવીટીની હાર્ડશીટની દષ્ટીએ વાદીને ગ્રેટર હાર્ડશીપ હોય માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે. આ કામના પ્રતિવાદીઓ વાદીની મીલકતમાં ખોટી રીતે દખલગીરી, અંતરાય હેલો, હરકત કરવાની ધમકીઓ આપી ગઈ કાલ તા.૨/૧૦/૧૬ ના રોજ અમારી

મીલકતમાં પાયાઓ ખોદાવી ચણવાનુ ચાલુ કરતા જે તાકીદે અટકાવવા અને જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે નામદાર કોર્ટની હકુમતના ગામ વણસર, તા.માતરના દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

જેથી સદર દાવો કરી દાદ માંગેલ છે કે, (૧) મોજે વણસર, તા.માતર, જી.ખેડામાં વાદીની તેમના દાવા અરજીમાં જણાવેલ ગ્રમ પંચાયત મીલકત નં.૨ વાળી રવેશી ચોક ચાલ નીકાલ સમેતની મકાન મીલકતમાં પ્રતિવાદી જાતે કે તેમના નોકર, ચાકરો એજન્ટો એસાઈનીઓ કે બીજા કોઈપણ મારફતે વાદીની માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી મીલકતમાં વાદીને વાપર ઉપભોગ કરતા કોઈ પણ જાતનો ખોટો હેલો, હરકત, આડ અંતરાય અવરોધ કે પ્રવેશ કરે કરાવે નહી તેમજ વાદીની મીલકતમાં રવેશી ચોકની મીલકતમાં કોઈપણ પ્રકારનું ગેરહકકે દબાણ કરી પ્રતિવાદી પાયાઓ ખોદી ચણતર કામ કરી કોઈપણ જાતનુ બાંધકામ કરે કરાવે નહી તેમજ અમારી મીલકત પડાવી લે લેવરાવે નહી અને સરકારે રેકર્ડે કોઈપણ જાતનો ફેરફાર કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ આ કામના પ્રતિવાદી સામે તેઓના નોકરો, ચાકરો, એજન્ટો, એસાઈનીઓ સહીતનો ફરમાવવા ન્યાયના હિતમા હુકમ કરી આપવા મે.કરશોજી., (૨) વિકલ્પે આ દાવો લાવતા સુધીમાં પ્રતિવાદી એ કે તેઓના વારસદારોએ વાદીની ઉપર પેરા નં.૧ મા જણાવેલી ગ્રામ પંચાયત મીલકત નંબર–૨ મીલકતમાં કોઈપણ જાતનો ગેરહકકે પ્રવેશ કરી પાયો ખોદી ખોદાવી કોઈપણ જાતનુ ચણતર કામ કરી કે દબાણ કરેલ હોય તો તે તમામ કૃત્ય પ્રતિવાદીનુ પ્રથમ

થી જ ગેરકાયદેસરનુ બથામણીયા પ્રયાસનુ હોય તે દુર કરી દાવાવાળી મીલકત નિપુર્વવત સ્થિતિ કરી આપે અને ન કરી આપે તો નામદાર કોર્ટથી કમીશ્નર નીમાવી પ્રતિવાદીના ખર્ચે દુર કરી નાંખી પુર્વવ્રત સ્થિતિ કરી લઈએ તેવો ન્યાયના હિતમા આદેશાત્મક મનાઈ હુકમની દાદ મંજુર કરી હુકમ કરી આપવા મહે.કરશોજી. (૩) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવશોજી. (૪) સદર કામે નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ વાદીને અપાવવા અરજ કરેલ છે.

(૨) હાલનો દાવો દાખલ થતા પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતાં પ્રતિવાદીઓ હાજર થયેલ છે અને આંક–૧૬ થી વાદીની દાવા અરજીનો લેખીત જવાબ રજુ રાખી કબુલ મંજુર કર્યા સીવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીની દાવા અરજીની હકીકત અંશાંત ખોટી છે, વાદીનો પોતાની મીલકત નં.ર ઉપર કોઈ જ કબજો કે હકક નથી કેમ કે મકાન પડી ગયેલી હાલતમાં છે અને જેનો ચાલુ વાપર ઉપભોગ નથી તેમજ વાદી ત્યાં રહેતો નથી અને હાલમાં પંચાયત ઓફીસ ટેકરા પાસે બીજે ઠેકાણે વાદી રહે છે જે પોતાની દાવા અરજીમાં સ્પષ્ટ જાહેર કરેલ છે. જેમા હાલના વાદીનો કોઈ વાપર ઉપભોગ નથી. સદર દાવા અરજીમાં ખુંટ વર્ણન તદન ખોટા છે. પેરા નં.ર ની હકીકત તદન ખોટી છે. વાદીએ કયારેય ઢોર ઢાંખર બાંધેલ નથી તથા વાદીની પ્રોપર્ટી નુ માણ ખોટુ છે. પરંતુ પ્રતિવાદી તેમના માપ મુજબ અમારી મીલકતમા કામ કરે છે.માપની બહાર તશુ માત્ર પણ કોઈ જાતનું દબાણ પ્રતિવાદીએ કરેલ નથી. પ્રતિવાદી પાસે હાલમાં

તા.૨૨/૩/૧૯૭૫ નો રજીસ્ટર દસ્તાવેજ મુજબના માપમાં જ પ્રતિવાદી કામ કરે છે. આ કામના વાદીએ પ્રતિવાદીને હેરાન પરેશાન કરવા માટે અમારુ કામ રખડાવવા તેમજ તેઓને સમાજમાં હલકા પાડવા ખોટી દાવા અરજી કરેલ છે જે રદબાલતને પાત્ર છે. પેરા નં.૩ ની હકીકત ખોટી છે. પ્રતિવાદીએ કયારેય પણ વાદીને જાસા બોલ્યા નથી તેમજ આવી દાવા અરજી તથા મનાઈ અરજી વાદીને કરવાનો કોઈ હકક અધિકાર નથી.

(૩) **આ કેસના ન્યાય–નિર્ણય માટે અમારા પુરાગોમી ન્યાયાધીશ ધ્વારા આંક–૫૧ થી નીચે મુજબના મુદૃાઓ ઘડવામાં આવેલ છે.**

**મુદૃા ::**

1. Whether the plaintiff proves that he is in possession of property bearing Gram Panchayat Milkat No.2 ?
2. Whether the plaintiff proves that he is still using the said property ?
3. Whether the plaintiff proves that the actual dimension of the property are 9*56 ft ?
4. Whether the plaintiff proves that the defendant has encroached 5*10 ft over the property of plaintiff ?
5. Whether the plaintiff is entitled to get the relief claimed ?

6. What order and decree ?

**(૪) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

।૧। હકારમાં,

।૨। હકારમાં,

।૩। અંશત:હકારમાં,

।૪। અંશત:હકારમાં,

।૫। હકારમાં,

।૬। આખરી હુકમ મુજબ.

**(૫)વાદી તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે પુરાવાઓ રજુ કરેલ છે.**

**મૌખિક પુરાવા :-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫૫ | વાદી ભીખાભાઈ મંગળભાઈ ઝાલાની સરતપાસ |

**દસ્તાવેજી પુરાવા :-**

| **અનુ. નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૬૮ | રજી.દસ્તાવેજ નં.૨૩૨/૧૯૬૩ અસલ |
| ૨ | ૬૯ | મોજે વણસર મીલકત નં.૨ ની આકારણી પત્રક |
| ૩ | ૭૦ | મોજે વણસર મીલકત નં.૨ ની આકારણી પત્રક |
| ૪ | ૭૧ | ગ્રાહક નં.૦૧૫૬૫/૦૦૪૦૪/૩ નુ જોડાણ કાયમી ધોરણે બંધ કરવા બાબતે |
| ૫ | ૭૨ | લાઈટ બીલ ભરેલ તેની પાવતી |
| ૬ | ૭૩ | ગ્રાહક નં.૦૧૫૬૫/૦૦૪૦૪/૩ નુ લાઈટ બીલ અસલ |

**(NARENDRAKUMAR)**
**PRINCIPAL CIVIL JUDGE**
**UID:-GJ01440**

ત્યારબાદ વાદી તરફે આંક–૭૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખી વધુ કોઈ પુરાવા રજુ કરવા નથી તેમ જાહેર કરેલ છે.

(૬) જયારે સદર દાવાના કામે પ્રતિવાદીઓ અગાઉ આપેલ લેખીત જવાબના સમર્થનમા કે વાદીએ આપેલ પુરાવાના ખંડન માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પુરતી તક આપવા છતાં રજુ રાખેલ નથી. જેથી અગાઉના પુરોગામી સાહેબે તા.૨૦/૧/૨૦૨૫ ના રોજ આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદીના પુરાવો રજુ કરવાનો હકક બંધ કરેલ છે.

(૭) આ કામે વાદી તરફે તેમનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

## –:: કા ર ણો ::–

(૮) **મુદ્દા નંબર–૧ થી ૦૫ ની સંયુકત ચર્ચા:–**

આ કામે બંને પક્ષકારોનાં પક્ષ નિવેદનો તથા રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં પુનરાવર્તન ટાળવાનાં હેતુથી તમામ મુદ્દાઓની સંયુકત ચર્ચા કરેલ છે.

આ કામે આંક–૫૫ થી વાદી ભીખાભાઈ મંગળભાઈ ઝાલા મકવાણા નાઓએ પુરાવાનુ સોગંદનામુ કરી પોતાના દાવા અરજીના આંક–૧ ની વિગત હકીકતને વળગી રહેલ છે. સદર વાદીની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ કરવા માટે કોઈ હાજર રહેલ ના હોય ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૯) સદર કેસનાં કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો વાદીએ આંક–૬૮ થી દાવાવાળી મીલકત ખરીદી અંગેનો વેચાણ

દસ્તાવેજ રજુ રાખેલ છે અને તે દસ્તાવેજના પેરા નં.૩ માં વાદીએ દાવા અરજીમાં જણાવેલ મુજબની માપની જમીન તેઓએ વેચાણ રાખેલ હોય તેવુ સ્પષ્ટપણે જણાય આવેલ છે. જેથી વાદી આંક–૬૮ મા જણાવેલ જમીનનાં એટલે કે દાવાવાળી જમીનના માલીક હોવાની હકીકત પુરવાર થાય છે. જયારે આંક–૬૯, ૭૦, ૭૧, ૭૨ તથા ૭૩ જોતાં વાદી દાવાવાળી મીલકતના કબજામાં હોવાની હકીકત પણ પુરવાર થાય છે. આંક–૬૯ તથા ૭૦ ગ્રામ પંચાયતની આકારણી છે જે વાદી દાવાવાળી મીલકતના એટલે કે ગ્રામ પંચાયત મીલકત અનુ.નં.૨ ના કબજામા હોય તેવુ સ્પષ્ટ જણાય આવે છે અને આંક–૭૧ થી ૭૩ એમ.જી.વી.સી.એલ. ના વાદીના નામનાં બીલો તથા પેમેન્ટની રસીદો છે જેથી પણ વાદી દાવાવાળી મીલકતનાં કબજામાં હોય તેવુ પુરવાર થાય છે. આંક –૬૯ વાળો દસ્તાવેજ જોતાં દાવાવાળી મીલકતનુ માપ ૯ પહોળાઈનુ અને ૫૬ ફુટ લંબાઈનુ કુલ ક્ષેત્રફળ ૫૦૪ ચો.ફુટ તથા ૪૬.૮૨ ચો.મીટર સ્પષ્ટપણે જણાય આવેલ છે. સદર દાવાના કામે મૌખિક પુરાવો જોતાં પ્રતિવાદીએ વાદીની દાવાવાળી મીલકત ઉપર ગેરકાયદેસર દબાણ કરેલાની હકીકત પુરવાર થાય છે પરંતુ તે દબાણ કેટલુ છે તે સાબીત કરતો કોઈ પણ પુરાવો આ દાવાના કામે રજુ નથી.

સદર દાવાના કામે વાદી સાક્ષી કઠેડામાં હાજર હોવા છતાં પ્રતિવાદી તરફથી તેમની ઉલટ તપાસ માટે કોઈ હાજર રહેલ નથી કે કોઈ અરજી તે હેતુ માટે આપવામાં આવેલ નથી. વધુમાં આંક–૫૮ થી વાદીએ પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ

કરવાની અરજી આપતાં નામદાર કોર્ટે તે અરજી મંજુર કરેલ છે. વધુમાં સદર દાવાના કામે પ્રતિવાદીઓને વ્યાજબી અને પુરતી તક આપવા છતાં તેઓએ કોઈ મૌખિક કે લેખીત કે કોઈ દસ્તાવેજી પુરાવો આ દાવાના કામે રજુ રાખેલ નથી. સદર દાવાના કામે પોતાનો દાવો સાબીત કરવાનો બોજો સૌપ્રથમ વાદી ઉપર છે અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની સુસંગત જોગવાઈ નીચે મુજબ છે.

**Section 104.** Burden of proof Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist**?**

When a person is bound to prove the existence of any fact, it is said that he burden of proof lies on that person. Illustrations

(a) A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.

(b) A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

**Section 105.** On whom burden of proof lies The burden of proof in a suit or proceeding lies on that

person who would fail if no evidence at all were given on either side. Illustrations

(a) A sues B for land of which B is in possession, and which, as A asserts, was left to A by the will of C, B's father If no evidence were given on either side, B would b entitled to retain his possession.

Therefore the burden of proof is on A. (b) A sues B for money due on a bond. The execution of the bond is admitted, by B says that it was ob-tained by fraud, which A denies. If no evidence were given on either side, A would succeed, as the bond is not disputed and the fraud is not proved.

Therefore the burden of proof is on B.

સદર દાવાના કામે વાદીએ પોતાનો સાબીતીનો બોજો પુરાવો રજુ કરી પુરવાર કરી દીધેલ છે. જયારે પ્રતિવાદીએ તે પુરાવાનુ કોઈ ખંડન કરવા માટે કે પોતાની તરફેણમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી મોજે વણસર ગામની દાવાવાળી મીલકત એટલે કે ગ્રામ પંચાયત મીલકત નં.૨ ના માલીક તથા તેના કબજામાં રહી વાપરતા હોય તેવી હકીકત સ્પષ્ટપણે જણાય આવેલ છે જેથી મુદા નં.૧ અને ૨ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં સાબીત થયેલ હુકમ કરવામાં આવે છે. જયારે આંક–૬૯ વાળો દસ્તાવેજ જોતાં દાવાવાળી મીલકતનુ માપ સ્પષ્ટપણે દાવા અરજીમાં જણાવ્યા મુજબ ૯×૫૬ ફુટનુ સ્પષ્ટપણે જણાય આવેલ છે જેથી મુદા નં.૩ વાદીની

તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં સાબીત થયેલ હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર દાવાના કામે વાદીએ રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી આંક–૧૦/૧ થી ૧૦/૩ સુધીનુ કમીશ્નર રીપોર્ટ જોતા પ્રતિવાદીએ વાદીની દાવાવાળી મીલકત ઉપર દબાણ કરેલાની હકીકત જણાય આવે છે. પરંતુ તે દબાણ કેટલુ છે તેનો ચોકકસ પુરાવો આ દાવાના કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી મુદા નં.૪ વાદીની તરફેણમાં અંશત: મંજુર કરવામાં આવે છે.

ઉપર કરેલ ચર્ચા તથા મુદાવાઈઝ કરેલ કારણો જોતાં સદર દાવાના કામે વાદી પોતાનો દાવો પુરવાર કરવામાં અંશત:સફળ થયેલ છે. જયારે પ્રતિવાદીએ વાદીના પુરાવાને ખંડન કરવામાં કે પોતાના લેખીત જવાબમા જણાવેલ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કારણ કે તેઓએ વાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી કે પોતાની તરફેણમા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. સીવીલ જયુરીપ્રુડન્સના સિધ્ધાંત મુજબ સીવીલ કેસોમાં સાબીતી હકીકત શં કાથી પર પુરવાર કરવાની રહેતી નથી પરંતુ પ્રથમ દષ્ટીએ પોતાની તરફેણમાં પુરવાર કરવાનો રહે છે. સદર દાવાના કામે વાદી પોતાના દાવાને પુરવાર કરવામાં અંશત:સફળ થયેલ છે જેથી ન્યાયના હિતમાં મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં તથા મુદા નં.૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં આપી મુદા નં.૬ પરત્વેનો ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

– વાદીનો હાલનો દાવો અંશત:મંજુર કરવામાં આવે છે.

**(NARENDRAKUMAR)**
**PRINCIPAL CIVIL JUDGE**
**UID:-GJ01440**

– પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે કે તેઓ વાદીની દાવાવાળી મીલકત મીલકત પુર્વ–પશ્ચિમ પહોળી ૯ ફુટ પહોળાળની અને ઉતર દક્ષિણ ૫૬ ફુટ લંબાઈ ની ૯'×૫૬ ઉપર કોઈ દબાણ કરવુ કે કરાવવુ નહી તેવુ પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદીની તરફેણમાં કાયમી મનાઈ હુકમ આપવામાં આવે છે.

– જો પ્રતિવાદીઓએ વાદીની દાવાવાળી મીલકત ઉપર કોઈ દબાણ કરેલ હોય તો તે પ્રતિવાદીએ પોતાના ખર્ચે આ હુકમનાં દિવસ–૯૦ માં જાતે હટાવી નાંખવુ અને તે કરવામાં ભુલ કરશે તો તેનો ખર્ચો પ્રતિવાદીએ ભોગવવો પડશે.

– દાવાનો ખર્ચ બંને પક્ષકારોએ પોતપોતાનો ભોગવવો.

– હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ તા.૨૪ મી, માહે:માર્ચ, સને ૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬
માતર.

**(નરેન્દ્રકુમાર)**
**મુખ્ય સિવિલ જજ, માતર.**
**જી.જે.૦૧૪૪૦**

**(NARENDRAKUMAR)**
**PRINCIPAL CIVIL JUDGE**
**UID:-GJ01440**